સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ ભારત સરકારની સ્પોન્સરશિપ અને ફોસ્ટર કેર તથા અન્ય યોજનાઓ જિલ્લા સ્તરે મંજૂર કરવાની કામગીરી સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિ (SFCAC)ને સોંપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ જજઅ-૧૦૨૦૧૭-૫૭૮૯૮૪-છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૦ / ૦૬ / ૨૦૧૯

<u>વંચાણે લીધાઃ</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ-૧૦૨૦૧૧-૮૫-છ, તા.૨૪.૦૮.૨૦૧૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ-૧૦૨૦૧૩-૭૩૬૮૭૪-છ, તા.૨૦.૧૧.૨૦૧૩.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ-૧૦૨૦૧૭-૫૭૮૯૮૪-છ, તા.૨૭.૦૨.૨૦૧૮.

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરની સિંગલ ફાઇલ પરની તા.૦૮.૦૫.૨૦૧૯ની નોંધથી કરવામાં આવેલ દરખાસ્ત.

આમુખ:

સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) ની સ્પોન્સરશિપ યોજનાની માર્ગદર્શિકામાં સ્પોન્સરશિપ અને ફોસ્ટર કેર યોજના હેઠળ સહાયની મંજૂરી તથા તેની સમીક્ષા માટે દરેક જિલ્લા સ્તરે સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિ (SFCAC) ની રચના કરવાની જોગવાઇ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) તથા (૨)ના ઠરાવોથી પાલક માતા-પિતા યોજનાની અરજીઓની મંજૂરીની કામગીરી તથા એચ.આઇ.વી./એઇડ્સ અસરગ્રસ્ત તેમજ અનાથ બાળકોને શિષ્યવૃત્તિ મંજૂર કરવાની કામગીરી સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિ (SFCAC)ને સોંપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (૩)ના ઠરાવથી જિલ્લા સ્તરની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિ (SFCAC) માં અધ્યક્ષ તરીકે જિલ્લા કલેક્ટરશ્રીના સ્થાને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવેલ.

ભારત સરકારની સ્પોન્સરશિપ યોજના અને ફોસ્ટર કેર યોજના હેઠળની અરજીઓ મંજૂર કરવાની તથા તેને લગતી કામગીરી કરવાની જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ આ કામગીરી જિલ્લા સ્તરની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિ (SFCAC)ને સોંપવા અંગેની વંચાણે લીધેલ ક્રમાંક: (૪)ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ભારત સરકારની સ્પોન્સરશિપ અને ફોસ્ટર કેર તથા અન્ય યોજનાઓ જિલ્લા સ્તરે મંજૂર કરવાની કામગીરી સ્પોન્સરશિપ એન્ડ

ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિ (SFCAC)ને તેઓને વંચાણે લીધેલ ક્રમાંકઃ (૩)ના ઠરાવથી સોંપવામાં આવેલ કામગીરી ઉપરાંત સોંપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ધ્વારા).
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ધ્વારા).
- સર્વે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ધ્વારા).
- સિલેક્ટ ફાઇલ.